ખ્રિસ્તનું જીવન, ભાગ ૧

ડેવિડ એલ. રોપર

THROUGH THE SCRIPTURES.com

અભ્યાસક્રમ: ખ્રિસ્તનું જીવન, ભાગ ૧

લેખક: ડેવિડ એલ. રોપર

આ અભ્યાસક્રમ “આજનું સત્ય ટીકાગ્રંથ” હારમાળામાંથી વિકસિત કરવામાં આવેલ છે. અને રિસોર્સ પબ્લીકેશન ટ્રસ્ટ દ્વારા તા. *The Life of Christ, 1*ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે અને પરવાનગી સાથે ઉપયોગમા લેવામાં આવેલ છે.

સર્વ હક્ક સ્વાધીન © 2003, 2015

સર્વ હક્ક સ્વાધીન છે. પ્રસિદ્ધકર્તાની લેખિત પરવાનગી સિવાય આ પુસ્તકનો કોઈપણ ભાગ, કોઈપણ પ્રકારે ફરીથી પ્રસિદ્ધ કરવો નહિ.

ભારતની બાઈબલ સોસાયટીની અગાઉથી મળેલ પરવાનગી સાથે, ગુજરાતી – OV ના ઈલેકટ્રોનિક લખાણનો અત્રેના “ઈલેકટ્રોનિક એજ્યુકેશનલ ટુલ” તરીકે ઉપયોગમાં લેવામાં આવેલ છે.

અગત્યની સૂચના

આ એક જ ઉપભોગતા માટે છે.

ThroughTheScriptures.comના વિદ્યાર્થી તરીકે, આપને આ ડીજીટલ પુસ્તકના વપરાશ માટે પરવાનગી આપવામાં આવે છે. અભ્યાસના એક ભાગરૂપે ઉપયોગ કરવા માટે અને અભ્યાસને અનુસરીને આપના પોતાના અંગત ઉપયોગ માટે આપને પરવાનગી આપવામાં આવે છે. **આપને આ લખાણની નકલો બીજાઓને વહેંચવા માટે પરવાનગી આપવામાં આવતી નથી.**

આ ફાઈલને આપના નામ અને ઈ-મેઈલ સાથે નોંધવામા આવેલ છે. જો આપ આ ફાઈલનો કોઈ પણ ભાગ વહેંચો, વેચો, બહાર આપો, તો પરિણામે આપનું વિદ્યાર્થી માટેનું ખાતું બંધ થઈ જશે.

આપના પોતાના અંગત ઉપયોગ માટે તમને આ લખાણની નકલો કરવાની પરવાનગી આપવામાં આવે છે. ભલામણ કરવામાં આવે છે કે ઉપયોગકર્તાની ભૂલને લીધે અથવા કમ્પ્યુટરની તકલીફને લીધે આ ફાઈલની ખોટ ના પડે માટે અગમચેતી તરીકે તમે એક કરતાં વધારે જગ્યાઓમાં આ લખાણની નકલ રાખશો.

વિષયવસ્તુ

પ્રસ્તાવના		1
ગ્રંથ ૧ ની રૂપરેખા		30
ભાગ ૧:	સેવાકાર્ય પહેલાનો ઈસુનો જીવનકાળ માથ્થી ૧:૧-૨:૨૩; લૂક ૧:૧-૨:૫૨; ૩:૨૩-૩૮; યોહાન ૧:૧-૧૮	37
ભાગ ૨:	યોહાન બાપ્તિસ્મા કરનારની સેવાનો આરંભ માથ્થી ૩:૧-૧૨; માર્ક ૧:૧૮; લૂક ૩:૧-૧૮	97
ભાગ ૩:	ખ્રિસ્તની સેવાનો આરંભ માથ્થી ૩:૧૩-૪:૧૧; માર્ક ૧:૯-૧૩; લૂક ૩:૨૧, ૨૨; ૪:૧-૧૩; યોહાન ૧:૧૯-૨:૧૨	107
ભાગ ૪:	થમ પાસ્ખાથી બીજા પાસ્ખા સુધીની ખ્રિસ્તની સેવા માથ્થી ૪:૧૨-૨૫; ૮:૨-૪, ૧૪-૧૭; ૯:૧-૯; માર્ક ૧:૧૪-૨:૧૪; લૂક ૩:૧૯, ૨૦; ૪:૧૪, ૧૫, ૩૧-૪૪; ૫:૧-૨૮; યોહાન ૨:૧૩-૪:૫૪	131
ભાગ ૫:	બીજા પાસ્ખાથી ત્રીજા પાસ્ખા સુધીની ખ્રિસ્તની સેવા માથ્થી ૫:૧-૮:૧, ૫-૧૩, ૧૮, ૨૩-૩૪; ૯:૧, ૧૦-૩૮; ૧૦:૧-૧૪:૩૬; માર્ક ૨:૧૫-૬:૫૬; લૂક ૪:૧૬-૩૦; ૫:૨૯-૯:૧૭; ૧૧:૧૪-૩૬; યોહાન ૫:૧-૬:૭૧	199
	વિભાગ – ૧: ઈસુએ આપેલું સાજાપણું	201
	વિભાગ – ૨: પહાડ પરનો ઉપદેશ	231
	વિભાગ – ૩: ઈસુનું શિક્ષણ અને સાજાપણું	309
	વિભાગ – ૪: દૃષ્ટાંતોનું પ્રથમ મહા જૂથ	365
	વિભાગ – ૫: સમગ્ર ગાલીલમાં	397
ભાગ ૬:	ત્રીજા પાસ્ખાપર્વથી તેના બેથાનીમાં આવવા સુધીની ખ્રિસ્તની સેવાઓ માથ્થી ૧૫:૧-૨૦:૩૪; માર્ક ૭:૧-૧૦:૫૨; લૂક ૯:૧૮-૧૯:૨૭; યોહાન ૭:૧-૧૧:૫૪	525
	વિભાગ – ૧: ગાલીલમાં	527

ટૂંકાવેલા નામ

જૂનો કરાર

ઉત્પત્તિ	ઉત.	સભાશિક્ષક	સભા.
નિર્ગમન	નિ.	ગીતોનું ગીત	ગી.ગી.
લેવીય	લે.	યશાયા	યશા.
ગણના	ગણ.	યર્મિયા	યર્મિ.
પુનર્નિયમ	પુન.	યર્મિયાનો વિલાપ	ય.વિ.
યહોશુઆ	યહો.	હઝકિયેલ	હઝ.
ન્યાયાધીશો	ન્યા.	દાનિયેલ	દા.
રૂથ	રૂથ	હોશિયા	હોશિ.
શમુએલ ૧	૧ શમુ.	યોએલ	યોએ.
શમુએલ ૨	૨ શમુ.	આમોસ	આમો.
રાજાઓ ૧	૧ રા.	ઓબાદ્યા	ઓબા.
રાજાઓ ૨	૨ રા.	યૂના	યૂના
કાળવૃતાંત ૧	૧ કાળ.	મીખાહ	મી.
કાળવૃતાંત ૨	૨ કાળ.	નાહૂમ	નાહૂ.
એઝરા	એઝ.	હબાક્કૂક	હબા.
નહેમ્યા	નહે.	સફાન્યા	સફા.
એસ્તેર	એસ્ત.	હગ્ગાય	હાગ.
અયૂબ	અયૂ.	ઝખાર્યા	ઝખ.
ગીતશાસ્ત્ર	ગી.શા.	માલાખી	માલ.
નીતિવચનો	નીતિ.		

નવો કરાર

માથ્થી	માથ.	તિમોથીને ૧ લો પત્ર	૧ તિમ.
માર્ક	માર્ક	તિમોથીને ૨ જો પત્ર	૨ તિમ.
લૂક	લૂ.	તિતસને પત્ર	તિત.
યોહાન	યોહ.	ફિલેમોનને પત્ર	ફિલે.
પ્રેરિતોના કૃત્યો	પ્રે.કૃ.	હિબ્રૂઓને પત્ર	હિબ.
રોમનોને પત્ર	રોમ.	યાકૂબનો પત્ર	યાકૂ.
કરિંથીઓને ૧લો પત્ર	૧ કરિં.	પિતરનો ૧ લો પત્ર	૧ પિત.
કરિંથીઓને ૨ જો પત્ર	૨ કરિં.	પિતરનો ૨ જો પત્ર	૨ પિત.
ગલાતીઓને પત્ર	ગલ.	યોહાનનો ૧ લો પત્ર	૧ યોહ.
એફેસીઓને પત્ર	એફે.	યોહાનનો ૨ જો પત્ર	૨ યોહ.
ફિલીપ્પીઓને પત્ર	ફિલિ.	યોહાનનો ૩ જો પત્ર	૩ યોહ.
ક્લોસ્સીઓને પત્ર	ક્લો.	યહૂદાનો પત્ર	યહૂ.
થેસ્સ્લોનિકીઓને ૧ લો પત્ર	૧ થેસ.	પ્રકટીકરણ	પ્રક.
થેસ્સ્લોનિકીઓને ૨ જો પત્ર	૨ થેસ.		

AB	એમ્પ્લીફાઇડ બાઇબલ (Amplified Bible)
ASV	અમેરિકન સ્ટાન્ડર્ડ વર્ઝન (American Standard Version)
KJV	કિંગ જેમ્સ વર્ઝન (King James Version)
LB	લીવિંગ બાઇબલ (Living Bible)
NASB	ન્યુ અમેરિકન સ્ટાન્ડર્ડ વર્ઝન (New American Standard Bible)
NCV	ન્યુ સેન્ચુરી વર્ઝન (New Century Version)
NIV	ન્યુ ઇંન્ટરનેશનલ વર્ઝન (New International Version)
NLT	ન્યુ લિવિંગ ટ્રાન્સલેશન (New Living Translation)
RSV	રિવાઇઝ્ડ સ્ટાન્ડર્ડ વર્ઝન (Revised Standard Version)

પ્રસ્તાવના

ચાર સુવાર્તાઓનું વૃત્તાંત

આપણે ઈસુ ખ્રિસ્તના જીવનના અભ્યાસની શરૂઆત કરીએ છીએ જેનો ઉલ્લેખ નવા કરારના પ્રથમ ચાર પુસ્તકોમાં કરવામાં આવેલો છે, આ દરેક પુસ્તકોના નામો લેખકના નામે ઓળખાય છે:

માથ્થી - ઈસુનો પ્રેરિત જે અગાઉ કર વસુલનાર હતો.
માર્ક - પ્રેરિતોનાં કૃત્યોનો યોહન માર્ક, જે પ્રેરિતોનાં સમયનો યુવાન વક્તા હતો.
લૂક - ડૉ. લૂક, જેમણે પાઉલના ઘણા સેવાકાર્યના પ્રવાસમાં સાથ આપ્યો, જેમાં રોમના પ્રવાસનો પણ સમાવેશ થાય છે.
યોહાન - એક "પ્રિય" પ્રેરિત જે અગાઉ માછીમાર હતો.

આ અધ્યયન સુવાર્તાઓ વચ્ચે સુમેળ છે, જે ઈસુના જીવનના ચાર વૃત્તાન્ત ને એક વાર્તામાં સાથે લાવે છે. આગળ જતા માથ્થી, માર્ક, લૂક અને યોહાનના પુસ્તકો પર વિગતવાર સમજુતિ આપવામાં આવશે.

એક વાર્તાના ચાર વૃત્તાંત

માથ્થી, માર્ક, લૂક અને યોહાનના પુસ્તકોને વારંવાર "ચાર સુવાર્તા" ના નામથી ઓળખવામાં આવે છે, પણ વાસ્તવમાં તેઓ એક સુવાર્તાના આ *ચાર વૃત્તાંત* છે. બીજી કે ત્રીજી સદીથી આ "સુવાર્તા" શબ્દનો ઉપયોગ નવા કરારના પ્રથમ ચાર પુસ્તકો માટે કરવામાં આવ્યો છે.

પહેલા ત્રણ પુસ્તક સામાન્યપણે "સુવાર્તાનું સારાંશ" ના નામે પરિચિત છે. "સારાંશ" ગ્રીક શબ્દ છે જે "સાથે" ને "જોવું કે અવલોકન કરવું" ના અર્થમાં જોડે છે. આમ "સારાંશ" એટલે "સાથે જોવું." પહેલા ત્રણ પુસ્તકોને "સુવાર્તાના સારાંશ" તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તેઓ ઈસુના સમાન મતને રજુ કરે છે. બધા પુસ્તકો કદાચ યરુશાલેમના વિનાશ પહેલા ઈ.સ. ૭૦ માં લખાયા હશે.

યોહાનનું પુસ્તક અમુક વાર "સ્વયંદેખિત" [પોતાની દ્રષ્ટિ]

તરીકે ઓળખાય છે, કારણ કે તે બીજા ત્રણે કરતા અલગ અભિગમ અપનાવે છે. આ શબ્દ “સ્વયંદેખિત” પ્રત્યક્ષ જોનારનો મત પણ આપી શકે છે. યોહાનનું વૃત્તાંત કદાચ પહેલા ત્રણ પછી ઈ.સ. ૯૦માં લખાયું હશે.

ચાર વૃત્તાંતો કેમ?

દેવે આપણને એક્જ સમયગાળામાં અને એક સરખીજ વાર્તાના ચાર પુસ્તકો કેમ આપ્યા? પવિત્ર પુસ્તકોમાં બીજા સમયગાળાને એકથી વધારે પુસ્તકમાં દર્શાવામાં આવ્યા છે (કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ ૧ શમુ. થી ૨ રાજાઓમાં અને ૧ અને ૨ કાળ. દર્શાવામાં આવી છે). પણ એક કથાના ચાર વૃત્તાંત અસામાન્ય છે.

મંડળીના શરુઆતના ઇતિહાસમાં માણસોએ અનુમાન કર્યા કે ચાર વૃત્તાંત કેમ? એક અંદાજ એ હતો કે “ચાર અંક એ માનવનો [પ્રતિક] છે.” આપણને ખબર નથી કે દેવે અમુક અંકને જ કેમ પસંદ કર્યો, પરંતુ હકીકતમાં દેવે ઘણા વૃત્તાંતોને પ્રેરિત કર્યા જે અનેક સત્યને દર્શાવે છે:

(૧) ચાર વૃત્તાંત એ દર્શાવે છે કે ઈસુની વાર્તા *કેટલી મહત્વપૂર્ણ* છે.

(૨) ચાર વૃત્તાન્ત ઈસુની વાર્તા ને *પ્રમાણિત કરનારી* આવશ્યકતા પૂરી પાડે છે. મૂસાએ કહ્યું છે “બે સાક્ષીઓના અથવા ત્રણ સાક્ષીઓના મુખથી કોઈપણ વાત સાબિત થવી જોઈએ” (પુન. ૧૯:૧૫બ). *ચાર* સાક્ષી એનાથી વધારે સારા છે.

(૩) ચાર વૃત્તાન્ત ઈસુના *વિવિધ સ્વભાવને* પ્રગટ કરે છે. એક લેખક આ બાબતમાં ન્યાય આપી શકત નહીં.

> લંડનના રાષ્ટ્રીય કલાત્મક વસ્તુઓના પ્રદર્શનના ઓરડામાં ચાર્લસ ૧ ની ત્રણ પ્રતિનિધિત્વ છબીને રાખી છે. એકમાં એમનું માથું જમણી બાજુ છે; જયારે બીજામાં ડાબી તરફ છે; અને વચમાં આખા ચહેરાનું દ્રશ્ય પ્રસ્તુત થાય છે. આ વાર્તા નિર્માણની છે. વેન ડીકેએ એક રોમન શિલ્પકાર બેરનીની માટે આ ચિત્ર દોર્યું હતું, કે એ રાજાનું અર્ધ શિલ્પ બનાવવામાં મદદ કરે. આ બધી માહિતીના આધારે બેરનીની રાજાનું “બોલતું” પ્રતિકૃતિ પુતળું બનાવી શકે. એક દ્રષ્ટિકોણ પર્યાપ્ત ન હોત.
>
> એ હકીકત હશે કે સુવાર્તાનું લક્ષ્ય આ બધી છબીઓને

દર્શાવવાનું હતું. પ્રત્યેક છબી આપણા પ્રભુના આ ધરતી પરના જીવનના વિવિધ પાસા દર્શાવે છે. આ બધા પાસાને સાથે રાખીને એક પૂર્ણ છબી બને છે. એ રાજા હતા, તેમ છતાં એ પૂર્ણ સેવક પણ હતા. એ મનુષ્યના પુત્ર હતા, પણ આપણે એ ભૂલવું ના જોઈએ કે એ દેવના પુત્ર હતા.[1]

ચાર વૃત્તાન્તોની તુલના

બધા ચાર વૃત્તાન્તોનો મુળભૂત હેતુ એક જ છે - ઈસુને પ્રગટ કરવા - પણ દરેક લખાણ વિવિધ દ્રષ્ટિકોણથી લખાયા છે, દેખીતી રીતે અલગ જાતના દર્શકોને અસરકારક લાગે છે. ઉદાહરણ તરીકે, જુઓ પ્રેરિતોનાં કૃત્યોમાં પાઉલના બદલાણના ત્રણ વૃત્તાંત: પ્રેરિતોનાં કૃત્યો ૯ નું વૃત્તાંત એ લૂકના વાંચકો માટે હતું; પ્રકરણ ૨૨માં પાઉલ યરુશાલેમમાં યહૂદી સામે પોતાના બચાવમાં જે બોલે છે તેનો એ ભાગ છે; પ્રકરણ ૨૬માં પાઉલનો કાઇસારીયામાં ધર્મ ઉપદેશ, જે રાજા અગ્રીપ્પા ઉદ્દેશીને કહ્યો હતો. સિમોન કીસ્તેમેકરે છેલ્લા બે વૃત્તાંત માટે કહ્યું કે: એ પ્રસંગ પછી (એમનું બદલાણ), (પાઉલ) સમજદારીપૂર્વક અલગ શબ્દોને પસંદ કરે છે કે એ દરેક પક્ષ માટે સુવાર્તા યોગ્ય રીતે આપી શકે.[2]

ચાર સુવાર્તાના વિષયમાં ચર્ચા કરીએ તો, માથ્થી દેખીતી રીતે *યહૂદીઓ* માટે લખાઈ હતી. એમણે સો થી વધારે જૂના કરારના ફકરા લખ્યા છે અને યહૂદીઓથી પરિચિત શબ્દોનો ઉપયોગ કર્યો છે. જેમકે "દાઉદ નો પુત્ર" (માથ. ૧:૧). એમણે ઈસુને રાજા તરીકે પ્રસ્તુત કર્યા છે, જે પોતાનું રાજ્ય સ્થાપિત કરવા માટે આવ્યા છે; આ શબ્દ "રાજ્ય" નો પંચાવન વાર પુસ્તકમાં ઉલ્લેખ કરાયો છે. ઈસુને ખાસ મસીહ બતાવવા પર ભાર મુક્યો છે. અને એમના લખાણમાં ઈસુનો બોધ, એમનું રાજ્ય અને એમના અધિકાર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

જયારે માર્કે માથ્થીની જેમ ન કરતાં બીનયહૂદી શ્રોતાઓ માટે લખ્યું. એમણે એવી બાબતો ના લખી જેમાં અન્યજાતિના લોકોને રુચિ ના હોય. જ્યારે તેઓ યહૂદી પરંપરા વિશે લખે છે ત્યારે તેઓ એની સમજૂતી પણ આપે છે. ઘણા લેખકને લાગ્યું કે માર્ક રોમના શ્રોતાઓને સંબોધતા હતા; એ અમુકવાર કથામાં લેટીન વાક્યાંશનો ઊપયોગ કરતા, જયારે બીજા બધા લેખક ગ્રીક વાકયાંશ વાપરતા. એલેકસઝંડ્રીયાના ક્લેમેંટ (સી. ઈ.સ. ૧૫૦-૨૧૫), ના મતાનુસાર

માર્કને રોમના ખ્રિસ્તીઓ તરફથી વિનંતી કરવામાં આવી હતી કે તે પિતર પાસેથી સાંભળેલા ઈસુના જીવન પર વૃત્તાંત લખે.[3] એવું લાગે છે કે માર્કને ઈસુના *કાર્યમાં* વધારે રુચિ હતી, ના કે એમના *શિક્ષણમાં*. એમણે ઈસુને એક દાસ તરીકે પ્રસ્તુત કર્યા છે, જેમણે બીજાની મદદ કરી (માર્ક ૧૦:૪૫). એમણે ઈસુના ચમત્કાર પર ભાર મુક્યો કારણકે, એમનામાં, લોકો પ્રત્યેનો પ્રભુનો પ્રેમ અને લાગણી દેખાતી હતી.

માર્કની જેમ લૂકે પણ બીનયહૂદી શ્રોતાઓ માટે લખ્યું. જયારે માર્કનું વૃત્તાંત રોમ ની કાર્ય કરનારી પ્રજા માટે હતું. જ્યારે લૂકનું વૃત્તાંત બુદ્ધીજીવીઓ માટે હતું. ઘણાનું એવું માનવું છે કે લૂક *ગ્રીક* શ્રોતાઓ માટે લખતા હતા. એમના વૃત્તાન્તમાં ઈસુ ને “મનુષ્યના પુત્ર” તરીકે પ્રસ્તુત કરાયા છે (લૂ. ૧૯:૧૦). અને એમની માનવતા પર વિશેષ ભાર અપાયો છે.

યોહાનનું વૃત્તાંત, પહેલી સદીના અંતે લખાયું હશે, એના પોતાના અલગ મહત્વ છે. ઈસુના સ્વભાવ વિશે ખોટી માન્યતાઓ ઉભી થવા લાગી, જેનાથી એમના પર *આસ્થા રાખનારાઓમાં* ગૂંચવણ પેદા થઇ. યોહાને ઈસુને “દેવના પુત્ર” (યોહ. ૨૦:૩૧) તરીકે દર્શાવ્યા છે અને એમની દિવ્યતા પર વધારે ભાર દીધો છે.

આપણે કહી શકીએ કે આજે માથ્થી બાઈબલના વિદ્યાર્થીને આકર્ષે છે, અને માર્ક મધ્યમ વ્યક્તિ, જેમાં વેપારીનો સમાવેશ થાય છે એમને આકર્ષે છે, જયારે લૂક ખાસ કરીને વિદ્વાન, વિચારશીલ, આદર્શવાદી, સત્ય-શોધક લોકોને આકર્ષે છે. બીજી બાજુ યોહાનને વિશ્વવ્યાપક સુવાર્તા તરીકે ઓળખાય છે, જે બધાજ સમયના મનુષ્યને આકર્ષે છે.

આગળ આપણે કહી શકીએ કે માથ્થી નો ઉપદેશ ઈસુને *વચનબદ્ધ* તારણહાર તરીકે પ્રસ્તુત કરે છે; માર્ક સમર્થ તારનાર; લૂક *સંપૂર્ણ* મસીહ અને યોહાન *વ્યક્તિગત* મસીહ. આપણે આ વિશિષ્ટતા જોઈએ છીએ, તેમ છતા આપણે, એ ના ભૂલવું જોઈએ કે અંતમાં બધાજ પુસ્તકોનો સરખો હેતુ છે: *કે બધા મનુષ્યોને ઈસુમાં મળતા તારણ વિશે કહેવું!*

ચાર વૃત્તાન્તોમાં શેનો સમાવેશ કરવામાં આવ્યો છે

“જીવનચરિત્ર” શબ્દ અમુકવાર સુવાર્તાના વૃત્તાંતને લાગુ પડે